# દ્વિતીય લેખિત કસોટી- એપ્રિલ-૨૦૧૬

તારીખ : ૧૨/૦૪/૨૦૧૬ ધોરણ-૭ સમય : ૮:૦૦ થી ૧૧:૦૦

વાર : મંગળવાર વિષય : ગુજરાતી કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નંબર : ______

સૂચનાઓ : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-૧ (અ) નીચે આપેલાં પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** (10)

(૧) અંગ્રેજીમાં સમાચાર માટે કયો શબ્દ પ્રચલિત છે ?

(ક) NSEW (ખ) NEWS (ગ) NESW (ઘ) NWES

(૨) 'આવું અનિષ્ટ પરિણામ તો દૈવ જાણે કેટલા જુવાનોનું આવતું હશે' :- ગાંધીજી કઇ બાબતને લઇ આમ વિચારે છે ?

(ક) પરીક્ષાનો ભાર (ખ) કૌટુંબિક જવાબદારી

(ગ) અભ્યાસનો ભાર (ઘ) બાળલગ્ન

(૩) 'આવ ભાણા આવ !' પાઠમાં 'પરમાણું' એટલે ........ .

(ક) પરિણામ (ખ) માપ (ગ) બૂટની દોરી (ઘ) બૂટ

(૪) ઘોડેસવાર યુવાને ગ્રામમાતા પાસે શું માગ્યું ?

(ક) શેરડીનો રસ (ખ) શેરડી (ગ) પાણી (ઘ) સાકર

(૫) 'જનની' કાવ્યના કવિનું નામ જણાવો.

(ક) કલાપી (ખ) કવિ બોટાદકર (ગ) કવિ દલપતરામ (ઘ) મીરાબાઇ

(૬) 'જીવરામ ભટ્ટ' પાઠનો પ્રકાર જણાવો.

(ક) આત્મકથા (ખ) લોકકથા (ગ) બોધકથા (ઘ) નાટક

(૭) 'સોના જેવી સવાર' કાવ્યમાં 'પનઘટ' શબ્દનો અર્થ ....... .

(ક) પાણીનું બેડું (ખ) કૂવો (ગ) પાણીયારું (ઘ) પનિહારી

(૮) ધનપાલ શેઠે ચાર વહુઓને દાણા આપ્યા હતા કારણ કે તેઓ ..... .

(ક) હોંશિયાર વહુને ઓળખવા માગતા હતા

(ખ) વહુઓની પરીક્ષા લેવા માગતા હતા

(ગ) આવડતવાળી વહુને શોધવા માગતા હતા

(ઘ) કઇ વહુ દાણા વાવીને ડબલ કરે છે તે જાણવા માગતા હતા

Scanned by CamScanner

(૯) ઇર્ષારૂપી આગને ...... થી પણ વધારે દાહક બતાવી છે.

(ક) ચિતા (ખ) ક્રોધ (ગ) ગુસ્સો (ઘ) ચિંતા

(૧૦) સૂરદાસજી કાગળ વાંચે છે. અહીં સૂરદાસ એટલે .....

(ક) સૂરદાસ કવિની વાત છે (ખ) ખરેખરો વાંચનાર

(ગ) અંધત્વની વાત છે (ઘ) સંગીતકારની વાત છે

**(બ) નીચેના વાકયો કોણ બોલે છે ? અને કોને કહે છે ? તે લખો. (4)**

(૧) ''એમાં તો ઝીણા અક્ષર છે.''

(૨) ''એ દાણા તો તે દહાડે જ પૂરા થઇ ગયા. હવે એ દાણા કયાંથી લાવીએ ?''

(૩) ''કામ તો ભાણા, આખી જિંદગી કરવું જ છે ને ?''

(૪) ''પપ્પા, મારે બૂટ લેવા છે.''

**(ક) નીચે આપેલ શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે બે) (2)**

(૧) મધુર (૨) નેત્ર (૩) કૃષિક

**પ્રશ્ન-૨ (અ) નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યમાં જવાબ લખો. (ગમે તે ત્રણ) (9)**

(૧) ગાંધીજી અને તેમના ભાઈના અભ્યાસ પર બાળવિવાહની શી અસર થઇ ?

(૨) દુદામામાએ લેખકના બૂટ બનાવવા માટે કઈ-કઈ વિગતો મેળવી ?

(૩) સિંહ નદીના કાંઠે બે-ત્રણ દિવસ સુધી શા માટે બેસી રહ્યો ?

(૪) રંગલો કોની કોની સાથે હોડ કરવાની ના પાડે છે ? શા માટે ?

**(બ) નીચે આપેલ વિભાગની કૃતિઓને વિભાગ 'બ' ના સાહિત્યકારો સાથે યોગ્ય રીતે જોડો : (4)**

| 'અ' | 'બ' |
|---|---|
| (૧) ગ્રામમાતા | (૧) ગાંધીજી |
| (૨) ભમીએ ગુજરાતે દક્ષિણ ભણી | (૨) શાહબુદ્દીન રાઠોડ |
| (૩) આવ ભાણા આવ | (૩) ચંદ્રવદન ચી. મહેતા |
| (૪) હાઇસ્કૂલમાં | (૪) કલાપી |

**(ક) નીચેના શબ્દો પરથી એક-એક વાક્ય બનાવીને લખો. (ગમે તે ત્રણ) (3)**

(૧) વિનયપૂર્વક (૨) વિધિસર

(૩) વ્યવસ્થિત (૪) નિર્ણય

Scanned by CamScanner

**પ્રશ્ન-૩ (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો. (ગમે તે ચાર)** (8)

(૧) તમારા ગામમાં કયાં કયાં અખબાર આવે છે ?

(૨) વૃદ્ધાના પગે પડીને ઘોડેસવાર શું બોલ્યો ?

(૩) તાપી નદીને કોની પુત્રી કહી છે ?

(૪) મોણપરી ગામ કયાં આવેલું છે ?

(૫) જીવરામભટ્ટ શાની હોડ કરવાનું કહે છે ?

**(બ) નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવીને ફરીથી લખો.** (4)

ટપાલ, ટેલિવિઝન, ઈ-મેઈલ, દૂત, અખબાર, કબૂતર

**(ક) નીચેનાં વાક્યોના વિશેષણના પ્રકાર લખો.** (4)

(૧) મિત્તલ <u>આ</u> દિશામાં ગઈ.

(૨) મારે <u>શું</u> કામ કરવાનું છે ?

(૩) <u>પેલા</u> ઝાડ નીચે ઊભેલા માણસને બોલાવો.

(૪) મને <u>અતિશય</u> દુઃખ થયું.

**પ્રશ્ન-૪ (અ) નીચેના વિષયોમાંથી કોઈપણ એક વિષય પર આશરે ૧૫૦ શબ્દોમાં નિબંધ લખો.**

(૧) મા તે મા (૨) મારો પ્રિય તહેવાર (8)

(૩) મારા પ્રિય દેશ નેતા

**(બ) નીચેના રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે ત્રણ)** (6)

(૧) લક્ષ્મીની છોળો ઊછળવી (૨) જીવ પરોવી દેવો

(૩) લાજ જવી (૪) ગેડ બેસવી

**(ક) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (ગમે તે બે)** (2)

(૧) શ્રદ્ધા પૂર્વક આપેલી અંજલિ (૨) જન્મ આપનારી મા

(૩) ઘરની રાણી

**પ્રશ્ન-૫ (અ) નીચે આપેલા મુદ્દા પરથી વાર્તા લખી યોગ્ય શીર્ષક લખો.** (6)

નદી પર સાંકડો પુલ – બે કૂતરાઓનું સામ સામું આવવું – આગળ જવા ઝઘડો થવો – પાણીમાં પડવું – બે બકરીઓનું સામ સામે આવવું – એક બકરીનું નીચે બેસી જવું – બીજીનું તેને ટપી જવું – બીજી બકરીનું પણ સહેલાઈથી સામે છેડે પહોંચી જવું – બોધ.

Scanned by CamScanner

**<u>અથવા</u>**

તમારી શાળામાંથી પાવાગઢના પ્રવાસનું આયોજન થયું છે. આ પ્રવાસમાં જવા માટે તમારા પિતાજીની મંજૂરી માંગતો પત્ર લખો.

**(બ) તમારી પસંદગીના કાવ્યની કોઇપણ ચાર પંક્તિ લખો.** (4)

**(ક) નીચેના શબ્દોના વિરૂદ્ધાર્થી શબ્દ લખો. (ગમે તે ત્રણ)** (3)

(૧) કામનું (૨) ઇષ્ટ

(૩) ગણના (૪) સ્મરણ

**(ડ) નીચેના વાક્યોમાંથી 'ક્રિયાવિશેષણ' અલગ તારવીને લખો.** (3)

(૧) ફૂલઝાડ પર એ અખૂટ વહાલ વરસાવે છે.

(૨) મિત્તલ આંગણામાં રમે છે.

(૩) હારને સાચવીને થેલીમાં મૂકયો.

***Best Of Luck***

Scanned by CamScanner